**<u>દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની કારોબારી બેઠક  તા. ૧૨/૧૦/ ૨૦૦૮નાં રવિવારે શ્રી સાંઈહોલ સિણધઈ. વહેવલ રોડ તા. વાસંદા જિ. નવસારી ખાતે રાખવામાં આવેલ હતી જેની કાર્યવાહી નોંધઃ-</u>**

એજન્ડા નં.- ૩ **દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજની તા.૧૩/૦૭/૨૦૦૮નાં રોજ વ્યારા ખાતે મળેલ કારોબારી બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.**

ઠરાવ નં.- ૧ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની કારોબારીની બેઠક તા.૧૩/૦૭/૨૦૦૮ના રોજ વ્યારા ખેતીવાડી ઉત્પન્ન બજાર ખાતે મળેલ હતી જેની કાર્યવાહી નોંધની ફાઈલ સભ્યોને આપવામાં આવી હતી. જે વંચાણે લઈ થયેલા તમામ ઠરાવો સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યાં.

એજન્ડા નં.- ૪ ખેડૂત ઉત્કર્ષ સમિતિની કામગીરીની સમીક્ષા કરવા બાબત.

ઠરાવ નં - ૨ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન મારફતે સમાજનાં ખેડૂતોનાં ઉત્કર્ષ માટે ઉત્કર્ષ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિના કન્વીનર શ્રી બકુલભાઈ બી. ચૌધરી બારડોલીનાએ ખેડૂત ઉત્કર્ષ સમિતિની બેઠક તા. ૨૭/૦૭/૦૮નાં રોજ મહુવરિયા તા. મહુવા જિ. સુરતનાં ફાર્મ ઉપર રાખવામાં આવેલ હતી. જેમાં સમાજનાં ૪૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા. જેનાં કન્વીનર શ્રી બકુલભાઈ ચૌધરીએ આદર્શ ખેતી પદ્ધતિઓ હોર્ટીકલ્ચર/ ફ્લોટીકલ્ચર તથા કેળાનો પાક, શેરડીની નવી જાતો ટીસ્યુકલ્ચર અને શાકભાજીની ખેતી વગેરે અને દવા તથા બિયારણ વપરાશ અંગેની ખેડૂતોને સમજુતી આપી હતી. તથા આદર્શ પદ્ધતિએ થયેલ ડાંગર/શેરડી તથા પરવળનાં વેલાં જેવા પાકોનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

શ્રી અરૂણભાઈ સી. ચૌધરીએ પણ સમિતિની બેઠકમાં હાજર રહીને ખેડૂતોને ખેતી પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તથા ફેડરેશનનાં પ્રમુખ શ્રી કે. ટી. ચૌધરીએ પ્લાસ્ટીકલ્ચર અને ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અંગે સમજુતી આપી હતી.

આ સમિતિની બેઠકમાં થયેલ કામગીરીનો અહેવાલ શ્રી નાથુભાઈ સુમજીભાઈ ચૌધરી મહુવારિયાએ રજુ કર્યો હતો. આમ આ સમિતિ દ્વારા થયેલ કામગીરીનો અહેવાલ સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યો.

એજન્ડા નં.- ૫ **ફેડરેશનનું ત્રિમાસિક મુખપત્ર “ ચૌધરી દર્પણ ” બહાર પાડવા અંગે સંપાદક સમિતિએ કરેલ કામગીરીની ચર્ચા કરવા બાબત.**

ઠરાવ નં. - ૩ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનું ત્રિમાસિક મુખપત્ર (મેગેઝીન) “ ચૌધરી દર્પણ ” બહાર પાડવા અંગે સંપાદક સમિતિની બેઠક તા.૧૪/૦૮/૨૦૦૮ના રોજ માંડવી ખાતે મળેલ હતી. જેમાં થયેલ નીચે મુજબની કાર્યવાહી નોંધ વંચાણે લેવામાં આવી.

બેઠકમાં નીચે મુજબના સભ્યોએ હાજરી આપી હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કે. ટી ચૌધરી | તંત્રી અને પ્રમુખ |
| ૨. | શ્રી પ્રભુદાસ બી. ચૌધરી | સહતંત્રી અને મહામંતી |
| ૩. | શ્રી અરૂણભાઈ બી. ચૌધરી | સહ સંપાદક અને સહમંત્રી |
| ૪. | ડૉ. રાયસિંહ બી. ચૌધરી | (આમંત્રિત) |
| ૫. | ડૉ. શાંતિલાલ જી. ચૌધરી | સભ્ય |
| ૬. | શ્રી કિશોરકુમાર કે. ચૌધરી | સભ્ય |
| ૭. | શ્રી અરૂણભાઈ ડી. ચૌધરી | સભ્ય |
| ૮. | શ્રી વિક્રમભાઈ જી. ચૌધરી | સભ્ય |
| ૯. | ડૉ. મહેન્દ્રભાઈ એચ. ચૌધરી | (આમંત્રિત) |
| ૧૦. | શ્રી નારસિંગભાઈ આર. ચૌધરી | સભ્ય |
| ૧૧. | શ્રીમતી અંજનાબેન વી. ચૌધરી | સભ્ય |

બેઠકમાં સૌ સભ્યોનો આવકાર આપી મહામંત્રી શ્રી પ્રભુદાસ બી. ચૌધરીએ આ બેઠકનો હેતુ સમજાવ્યો.

ચૌધરી દર્પણ મેગેઝીન વિશે વિસ્તૃત સમજુતી આપવામાં આવી. અગાઉ તમામ સભ્યોને “ ચૌધરી દર્પણ ” મેગેઝીનમાં સમાવેશ કરવાના વિષયો તથા મેગેઝીનના કોલમો વગેરેની તથા જાહેરાતના ભાવો વગેરેની વિગતો મોકલી આપવામાં આવી હતી. જે અન્વયે ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં નીચે મુજબના નિર્ણયો કરવામાં આવ્યા.

**સંપાદક સમિતિનાં કાર્યો.**

૧. લેખોની ચકાસણી કરવી.

૨. પ્રુફ રિડીંગ તજજ્ઞો મારફતે કરાવવું.

૩. જાહેરાતો મેળવવા ફેડરેશનના બધાજ સભ્યોએ સહયોગ આપવો.

૪. મેગેઝીનની ડિઝાઈન તજજ્ઞો મારફતે તૈયાર કરાવવી.

૫. મેગેઝીનની વહેંચણી કારોબારી મારફતે કરાવવી.

૬. લેખ ચકાસણી સમિતિ – ૩ સભ્યોની રહેશે.

(૧) શ્રી રાયસિંહ બી. ચૌધરી

(૨) શ્રી કિશોરકુમાર કે. ચૌધરી

(૩) શ્રી પ્રભુદાસ બી. ચૌધરી

ત્રણે સભ્યો વચ્ચે લેખોની ચકાસણીના સંદર્ભમાં સહમતી ન સધાય તો તેવા લેખો સમિતિમાં રજુ કરવાના રહેશે. જાહેરાતના ભાવો મુકવામાં આવે છે. જે ખુબ ઓછા

હોઈ આ ભાવો ફેરફારને આધિન રહેશે. તે મુજબ સુધારો કરવો.

૧. પ્રથમ અંક હોય ૧,૦૦૦/- નકલો છપાવવી.

૨. ફકત ફેડરેશનના સભ્યોને જ વિના મુલ્યે અંક આપવો.

૩. રજીસ્ટ્રેશન થયા પછીના અંકથી લવાજમ કિંમત નકકી કરવાનું રહેશે. જે તે વખતની બેઠકમાં નકકી કરવામાં આવશે.

પ્રો. શ્રી વિક્રમભાઈ જી. ચૌધરીએ " ચૌધરી દર્પણ " મેગેઝીન ચૌધરી બોલી/ભાષામાં તૈયાર થાય તેવી ઈચ્છા વ્યકત કરી પરંતુ " ચૌધરી દર્પણ " મેગેઝીન સમાજના બ્રુહદ ઉદ્દેશોને લક્ષમાં રાખીને બહાર પાડવામાં આવનાર હોય વાચક વર્ગ પુરતો મળશે નહીં અને ચૌધરી ભાષા/બોલીને નવી પેઢી વાંચી શકશે નહીં. જેથી મેગેઝીન ગુજરાતીમાં છાપવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. પરંતુ દરેક અંકમાં એક ચૌધરી બોલી/ભાષાનાં લેખનો અચુક સમાવેશ કરવાનું નકકી કરવામાં આવ્યું. તથા વર્ષના ચાર અંક પૈકી શકય બને તો પ્રો. શ્રી વિક્રમભાઈ જી. ચૌધરીના સહયોગથી એક અંક ચૌધરી ભાષા/બોલીમાં છાપવાનું પણ નકકી કરવામાં આવ્યું.

મેગેઝીનના છાપકામ માટે ત્રણ-ચાર પ્રિન્ટીંગ પ્રેસના ભાવો મેળવીને જે સસ્તા ભાવે કામ કરે તેમને કામ સોંપવું.

પ્રો. શ્રી વિક્રમભાઈ જી. ચૌધરીએ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજના લોગોમાં ફેરફાર કરવાની રજુઆત કરી જે અન્વયે ડૉ. મહેન્દ્રભાઈ એચ. ચૌધરી, પ્રો. વિક્રમભાઈ જી. ચૌધરી તથા શિરિષભાઈ ચૌધરી બારડોલી ત્રણેએ ભેગા મળી લોગોના ચિત્રો, ચિન્હોમાં ફેરફાર કરીને નવો લોગો તૈયાર કરવો. જે આગામી કારોબારીમાં રજુ કર્યા બાદ મેગેઝીનના પ્રથમ પેજ ઉપર છાપવા નિર્ણય કરવામાં આવ્યો.

વ્યારા ખાતે મળેલ ફેડરેશનની કારોબારીમાં સંપાદક સમિતિમાં મુખ્ય સંપાદક તરીકે શ્રી અશ્વિનભાઈ બી. ચૌધરીની વરણી કરવામાં આવી હતી. પરંતુ તેમની નાતદુંરસ્ત તબિયતને કારણે તેમની જગ્યાએ ડૉ. રાયસિંહ બી. ચૌધરીની મુખ્ય સંપાદક તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી.

પ્રથમ અંક જુલાઈ-ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૦૮નું ૩૧મી ઓકટોબરે સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન સમારંભ તથા સમાજનાં સ્નેહ મિલન સમારંભમાં વિમોચન થાય તે રીતે તૈયાર કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. વિમોચનની તારીખ ફેરફારને આધિન રહેશે.

" ચૌધરી દર્પણ " મેગેઝીનની છપામણી કરતાં પહેલાં સંપાદક સમિતિની ફરી એક બેઠક વ્યારા ખાતે તા.૨૮/૦૯/૨૦૦૮ના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું. સૌનો આભાર માની બેઠક સમાપ્ત કરવામાં આવી.

ત્યારબાદ " ચૌધરી દર્પણ " ની છપામણી કરતાં પહેલા સંપાદક સમિતિની બીજી બેઠક તા.૨૮/૦૯/૨૦૦૮નાં રોજ વ્યારા ખાતે રાખવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

(૧) " ચૌધરી દર્પણ" મેગેઝીન છાપવાનાં ભાવો મળેલ હતા જેની ચર્ચા કરવામાં આવી જેમાં સાંઇ ઓફ સેટ, ગાંધીનગરએ રૂ. ૨૭૦૦૦/- + વેટ ટેક્ષ સાથે ૧૦૦૦ નંગનો ભાવ આપેલ છે. જે મંજુર રાખવામાં આવ્યો.

(૨) મેગેઝીનનાં જાહેરાતનાં ભાવો અગાઉ ખુબ ઓછા નકકી થયા હતા જે નીચે મુજબ સુધારવાનાં સુચનો થયા.

- મુખપૃષ્ઠ લોગો માટે અનામત.
- મુખપૃષ્ઠ પાછળનું આખું પાનું રૂ. ૫૦૦૦/-, અડધું પાનું રૂ. ૨૫૦૦/-, તથા પા ભાગનું પાનું રૂ. ૧૨૫૦/-
- છેલ્લા પાનાંના અંદરના ભાગનો ભાવ પણ ઉપર મુજબ જ રહેશે.
- છેલ્લા પાનાંનો ભાવ રૂ. ૫૦૦૦/-, અડધું પાનું રૂ. ૨૫૦૦/-, તથા અડધાનું અડધું પા ભાગનું પાનું રૂ. ૧૨૫૦/-
- અંદરના ખાલી રહેલા પેજમાં જાહેરાત કે શુભેચ્છા સંદેશા માટે અડધા પાનાંનો ભાવ રૂ. ૧૦૦૦/- અને ભાગ માટે રૂ. ૫૦૦/- રહેશે.
- આ ભાવો પણ ફેરફારને આધિન રહેશે.

(૩) મેગેઝીનનાં લેખોમાં લેખકો તેમની કૃતિઓ તેમની જવાદારીએ છપાવે. ફેડરેશનની કોઈ જવાબદારી રહેશે નહીં. તથા મેગેઝીનમાં છપાયેલા લેખો અને ફોટા કોઈપણ વ્યકિત ફેડરેશનની પરવાનગી વગર ઉપયોગ કરશે નહિં. તેવી સુચના લખવા ચર્ચા કરવામાં આવી. જે સર્વાનુમતે ગ્રાહય રાખવામાં આવી.

(૪) ફેડરેશન મારફતે મેગેઝીનનું રજીસ્ટ્રેશન ન થાય ત્યાં સુધી અંક ફકત સભ્યોને વિના મુલ્યે આપવા નકકી કરવામાં આવ્યું.

(૫) આગામી કારોબારીમાં મેગેઝીનનાં " ચૌધરી દર્પણ " સિવાય અન્ય ૫ (પાંચ) નામો સૂચવવા કારોબારી સભ્યોને જણાવવું

ઉપર્યુકત નિર્ણયો " ચૌધરી દર્પણ " મેગેઝીન માટે અગાઉ બે બેઠકોમાં લેવાયા હતા. તે તમામ કામગીરીની વિગતો કારોબારી સમક્ષ રજુ કરવામાં આવી.

હાજર રહેલા કારોબારી સભ્યો પૈકી શ્રી પ્રા. વિક્રમભાઈ ચૌધરીએ " ચૌધરી દર્પણ " સિવાય નીચે મુજબના પાંચ નામો સુચવ્યા.

| | નામ | અર્થ |
|---|---|---|
| (૧) | હરખી - | દેવ પૂજાનો સમુહ |
| (૨) | કોઠારી - | દેવ પૂજાનો સામાન |
| (૩) | હવીરો - | દેવ આગળ ધૂણતો ભગત |
| (૪) | હનવાણી - | પાણીનો પવિત્ર છંટકાવ |
| (૫) | ચવીઠો - | રસોઈનું સાધન. |

પ્રતાપભાઈ ચૌધરી, વાંસદા

(૧) ચૌધરી પ્રતિબિંબ

(૨) પાવાગઢ વાળો

(૩) ચૌધરી વાણી

(૪) ચૌધરી પ્રણાલી

આ સિવાય પણ રજીસ્ટ્રેશનની દરખાસ્ત કરતાં પહેલાં જેમણે નામ સુચવવા હોય તેમણે મહામંત્રીને સુચવવા જણાવવામાં આવ્યું.

આમ " ચૌધરી દર્પણ " મેગેઝીન માટે સંપાદક સમિતિએ જે કાર્યવાહી કરેલ હતી તેને કારોબારીએ સર્વાનુમતે બહાલ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.

એજન્ડા ન.- ૬ **સમાજના તેજસ્વી તારલાઓને સન્માન કરવા પ્રોત્સાહક ઈનામો નકકી કરવા બાબત તથા સમાજના ત્રિમાસિક મુખપત્ર વિમોચન માટે તથા લગ્ન ઉત્સુક યુવક યુવતિઓનો પરિચય મેળો તથા સમાજનું સ્નેહ સંમેલન બોલાવવા સ્થળ તથા તારીખ નકકી કરવા બાબત.**

ઠરાવ નં.- ૪ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનાં ટુંકાગાળાનાં ભાવી કાર્યક્રમોમાં સુચવ્યા મુજબ સને ૨૦૦૭-૨૦૦૮ની વાર્ષિક પરીક્ષાઓમાં ઉચ્ચત્તમ ગુણવત્તા અને ઊંચી ટકાવારીએ પાસ થયેલા તેજસ્વી તારલાઓનું સન્માન કરવા માટે તા.૧૪/૦૮/૨૦૦૮નાં પત્રથી ફેડરેશન સાથે સંકલિત તમામ ચૌધરી સમાજોનાં માધ્યમથી ધોરણ/અભ્યાસક્રમ અને નીચે મુજબ નિયત ટકાવારી વાળા તેજસ્વી વિદ્યાર્થીઓ પાસેથી માર્કશીટો મંગાવવામાં આવી હતી.

| ક્રમ | ધોરણ/અભ્યાસક્રમ | નિયત ટકાવારી |
|---|---|---|
| ૧. | ધોરણ – ૧૦<br>ધોરણ – ૧૨ (તમામ પ્રવાહ) | ૮૦ % થી ઉપર |
| ૨. | મેડીકલ, ઈજનેરી, ફાર્મસી,<br>સ્નાતક/અનુસ્નાતક (છેલ્લુ વર્ષ) | ૫૦ % થી ઉપર |
| ૩. | ડીગ્રી કોર્ષ<br>(તમામ પ્રવાહ-છેલ્લુ વર્ષ) | ૬૦ % થી ઉપર |

૪. પોસ્ટ ગ્રેજયુએટ ૬૦ % થી ઉપર

૫. એમ. ફીલ ૫૦ % થી ઉપર

૬. પી. એચ. ડી. ફકત ડીગ્રી (ટકાવારી નથી)

૭. બી. એડ, એમ. એડ ૬૦ % થી ઉપર

૮. ધોરણ -૧૦ પછી પોલીટેકનીક (કોઈપણ પ્રવાહ-છેલ્લુ વર્ષ) ૬૦ % થી ઉપર

૯. પી. ટી. સી. છેલ્લુ વર્ષ. ૮૦ % થી ઉપર

આ ટકાવારીવાળા તમામ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું નકકી કરવામાં આવ્યું.

કોઈપણ અભ્યાસક્રમમાં કોઈપણ વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ લાવનાર વિદ્યાર્થીઓનું ખાસ સન્માન કરવામાં આવશે.

ઈત્તર પ્રવૃત્તિઓ/પરીક્ષાઓ (ચિત્રકામ/સંગીત/રમતગમત વગેરેમાં) રાજય કક્ષાએ કે રાષ્ટ્રિય કક્ષાએ મેળવેલ સિદ્ધીઓ બદલ સન્માન કરવામાં આવશે.

આ માર્કશીટોની ચકાસણી કરીને ઈનામોને પાત્ર તેજસ્વી તારલાઓની યાદી અમદાવાદ/ગાંધીનગર ચૌધરી સમાજનાં સહયોગથી મહામંત્રીએ કરવાની રહેશે. તથા ઈનામો પણ અમદાવાદ/ગાંધીનગર ચૌધરી સમાજ તરફથી સ્પોન્સર કરવામાં આવ્યાં.

વ્યારા ચૌધરી સમાજનાં યજમાન પદે સમાજનું સ્નેહ સંમેલન તા.૦૨/૧૧/૨૦૦૮નાં રવિવારે વ્યારા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં રાખવાનું નકકી કરવામાં આવ્યું જેમાં નીચે મુજબ જુદા જુદા ચૌધરી સમાજોને નીચે મુજબ કામગીરી સોંપવામાં આવી. તથા રૂ. ૧૦,૦૦૦/-ની મર્યાદામાં ખર્ચ ઉઠાવવા સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

| | | |
|---|---|---|
| ૧. | અમદાવાદ/ગાંધીનગર ચૌધરી સમાજ | તેજસ્વી તારલાઓનાં સન્માન માટે ઈનામ ખરીદી અને વિતરણ કામગીરી. |
| ૨. | વ્યારા ચૌધરી સમાજ | મંડપ, માઈક અને સ્ટેજની કામગીરી |
| ૩. | વડોદરા ચૌધરી સમાજ | સ્વાગત સમિતિ મંચસ્થ મહાનુભાવોની વ્યવસ્થા. |
| ૪. | બારડોલી શહેર ચૌધરી સમાજ | અલ્પાહારની વ્યવસ્થા. |
| ૫. | કડોદ પ્રદેશ ચૌધરી સમાજ | પાણીની વ્યવસ્થા. |
| ૬. | મહેવા તાલુકા ચૌધરી સમાજ | “ ચૌધરી દર્પણ ” પુસ્તક વિમોચન વિતરણ વ્યવસ્થા. |
| ૭. | માંગરોળ તાલુકા ચૌધરી સમાજ | અપરણિત યુવક યુવતિઓના પરિચય મેળવવાની વ્યવસ્થા. |
| ૮. | સુરત શહેર ચૌધરી સમાજ | આમંત્રણ પત્રિકા તથા પ્રચાર, પ્રસારને |

| | | |
|---|---|---|
| | | લગતી કામગીરી. |
| ૯. | માંડવી ચૌધરી સમાજ | ફુલહાર અને ગુલદસ્તા પુરા પાડવાની કામગીરી. |
| ૧૦. | ભરૂચ/નર્મદા ચૌધરી સમાજ | પાર્કિંગને લગતી કામગીરી તથા સભ્ય નોંધણીને લગતી કામગીરી. |

ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી ખર્ચ ફેડરેશન મારફતે કરવામાં આવશે.

વ્યારા ખાતેના સ્નેહ સંમેલનને સફળ બનાવવા માટે ઉપર મુજબની કામગીરી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા નં.– ૭ **ફેડરેશનના લોગો અંગે પુનઃ વિચારણાં કરીને ફેરફાર કરવા બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.**

ઠરાવ નં.– ૫ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનો લોગો ખુબજ લાંબી વિચારણા અને ચર્ચાઓને અંતે બારડોલી ચૌધરી સમાજનાં સહયોગથી શ્રી શિરીષભાઈ ચૌધરી સાગર મુવી મારફતે તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ તૈયાર કરેલ લોગો સંદર્ભમાં પ્રા. શ્રી વિક્રમભાઈ ચૌધરીએ ફેડરેશનનાં હોદ્દેદારો તથા કારોબારીને લોગોમાં ફેરફાર કરવા પત્રો પાઠવીને રજુઆત કરતાં આ એજન્ડા પુનઃ કારોબારીમાં લેવામાં આવેલ હતો. અને વિસ્તૃત ચર્ચાને અંતે લોગોમાં જે ચૌધરી સમાજની સંસ્કૃતિનાં ચિત્રો છે. તેમાં ફેરફાર કરવા માટે પ્રા. વિક્રમ ચૌધરી, શ્રી મહેન્દ્રભાઈ એચ. ચૌધરી અને શ્રી શિરીષભાઈની કામગીરી સોંપવામાં આવી. તા.૨૬/૧૦/૨૦૦૮ સુધીમાં લોગોમાં ફેરફાર કરીને મહામંત્રીને નવો લોગો આપવો. અન્યથા હાલ હયાત લોગો ચાલુ રાખવો અને “ ચૌધરી દર્પણ ” મેગેઝીનમાં પણ પ્રથમ પેજ ઉપર છાપવા સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

એજન્ડા નં.– ૮ **સભ્ય નોંધણી ઝુંબેશ તથા ગ્રામ સમિતિઓની રચના કરવાની કામગીરીની સમીક્ષા કરવા બાબત.**

ઠરાવ નં. – ૬ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનમાં સભ્યો નોંધણી માટે જે સક્રિય સભ્યો તથા હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને સભ્ય નોંધણી બુકો વિતરણ કરવામાં આવેલ છે. તેની વિગતો એકત્ર કરવામાં આવી તથા ગત વાર્ષિક સાધારણ સભામાં સભ્ય નોંધણી માટે જે લક્ષ્યાંક રાખવામાં આવેલ છે તે સિધ્ધ કરવા બધાએ મહેનત કરવા જણાવવામાં આવ્યું.

ગ્રામ સમિતિઓની રચના કરવા માટે જે હોદ્દેદારો તથા કારો સભ્યોને જે તે તાલુકામાં પ્રભારી બનાવવામાં આવ્યા છે તેમણે તા.૩૧/૧૨/૨૦૦૮ સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવા આયોજન કરીને કામગીરી પૂર્ણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા નં.– ૯ **સને ૨૦૦૮-૨૦૦૯નું ફેડરેશન મારફતે કેલેન્ડર છાપવા અંગે ચર્ચા કરવા બાબત.**

ઠરાવ નં. – ૭ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનને સમાજનાં સભ્યો આપણાં સમાજ

તરીકેનું ગૌરવ માને તે હેતુથી સને ૨૦૦૯, જાન્યુઆરી-૨૦૦૯ થી ડિસેમ્બર-૨૦૦૯ સુધીનું વાર્ષિક કેલેન્ડર બહાર પાડવા ચર્ચા વિચારણાં હાથ ધરવામાં આવી.

કેલેન્ડર માટે તમામ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો પાસેથી ફોટોગ્રાફ મંગાવવા પત્ર પાઠવવો. રૂ. ૧૦/-ની કિંમત રાખવી તથા ફેડરેશન સાથે સંકલિત તમામ ચૌધરી સમાજોને કેલેન્ડર વિતરણનો લક્ષ્યાંક ફાળવી આપવો. મહામંત્રીને આ અંગેની સત્તા આપવામાં આવી. તેમણે પ્રમુખ સાથે પરામર્શ કરીને કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવમાં આવ્યું.

એજન્ડા નં.– ૧૦ **ફેડરેશન મારફતે નૂતન વર્ષાભિનંદન કાર્ડ છાપવા ચર્ચા કરવા બાબત.**

ઠરાવ નં. – ૮ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન મારફતે ફેડરેશનમાં સભ્ય થયેલા સભ્યોને દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન કાર્ડ પાઠવવા ચર્ચા વિચારણાં કરતાં કાર્ડ છપામણી, રવાનગીનો ખર્ચ વધી જતો હોવાથી રૂ. ૨૫૦૦/-ની મર્યાદામાં દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત સ્વરૂપે નૂતન વર્ષાભિનંદનનો સંદશો પાઠવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા નં.– ૧૧ **વાંસદા ઉનાઈ પ્રદેશમાંથી ફેડરેશનમાં બે સભ્યોનો કારોબારીમાં સમાવેશ કરવા બાબત.**

ઠરાવ નં.– ૯ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનાં બંધારણની જોગવાઈ મુજબ જયાં ચૌધરી સમાજની રચના નથી થઈ તેવા ચૌધરી સમાજની વસ્તીવાળા તાલુકા પ્રદેશોમાંથી બે સભ્યોને કારોબારીમાં સમાવેશ કરવાનું ઠરાવેલ છે. તે મુજબ વાંસદા અને ઉનાઈ પ્રદેશમાંથી હાજર રહેલા વાંસદા અને ઉનાઈ પ્રદેશનાં સભ્યોએ નીચે મુજબના બે સભ્યોની ફેડરેશનમાં કારોબારી સભ્યો તરીકે સર્વાનુમતે નિમણૂંકો કરવામાં આવી.

(૧) શ્રી વિનોદભાઈ ધનાભાઈ ચૌધરી
મુ. ખરભઈ પો. સરા
તા. વાંસદા, જિ. નવસારી
ફો નં. ૦૨૬૩૦ ૮૨૯૦૭૪૩
મો. નં. ૯૯૭૮૮ ૪૩૧૭૯

(૨) શ્રી મહેન્દ્રભાઈ માનસિંગભાઈ ચૌધરી
મુ. પો. મનપુર/સીતાપુર
તા. વાંસદા, જિ. નવસારી
મો. નં. ૯૪૨૬૮ ૬૬૬૬૫

આ બંને સભ્યોને ફેડરેશનની કારોબારીમાં સર્વાનુમતે આવકારીને સમાવેશ કરવામાં આવ્યો.

| | |
|---|---|
| એજન્ડા નં.– ૧૨ | **ભારતીય આદિજાતિ ચૌધરી સમાજ વાંકલને ફેડરેશનમાં સંસ્થા સભ્ય તરીકે દાખલ કરવા મળેલ અરજી/ઠરાવન અન્વયે નિર્ણય લેવા બાબત.** |
| ઠરાવ નં. – ૧૦ | દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનમાં સંસ્થા સભ્ય થવા અંગે જોગવાઈ સંદર્ભમાં ભારતીય ચૌધરી સમાજ વાંકલએ તા. ૭/૧૦/૨૦૦૭ના ઠરાવથી અને તા. / / રશીદ નં................. રૂ. ૫૦૧/- સંસ્થા સભ્ય ફી ભરીને ફેડરેશનમાં સંસ્થા સભ્ય તરીકે જોડાવા ઠરાવ રજુ કરેલ હતો. જે અન્વયે ફેડરેશનના મહામંત્રીએ ભારતીય આદિજાતી ચૌધરી સમાજ વાંકલના પ્રમુખ શ્રી નાનુભાઈ જેઠાભાઈ ચૌધરીને પત્ર પાઠવીને ભારતીય આદિજાતી ચૌધરી સમાજનું બંધારણ કારોબારી સમિતિ તથા નોંધાયેલા ચૌધરી સમાજના સભ્યોની યાદી મંગાવેલ અને કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહેવા જણાવેલ પરંતુ કોઈ વિગતો પુરી પાડેલ નથી. તથા કારોબારી બેઠકમાં કોઈ પ્રતિનિધિ ઉપસ્થિત પણ રહેતા ન હોય આ એજન્ડા ઉપરનું કામ સર્વાનુમતે મુલતવી રાખવામાં આવે છે. હવે છેલ્લી એક મુદત આપવા નકકી કરવામાં આવ્યું. |
| એજન્ડા નં.– ૧૩ | પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુદ્દાઓની ચર્ચા. |
| | પ્રમુખ સ્થાનેથી રજુ કરવાનાં કોઈ મુદ્દા ન હોઈ વાંસદા ઉનાઈ ચૌધરી સમાજના સભ્યો તરફથી કરવામાં આવેલ ભોજન પ્રબંધ તથા બેઠક માટે શાંઈહોલ તથા અન્ય સુવિધા પુરી પાડવા બદલ શ્રી ભગુમામાનો આભાર વ્યકત કરીને ખુબજ સોહાર્દપુર્ણ વાતાવરણમાં બેઠક સમાપ્ત જાહેર કરવામાં આવી. |

**પ્રભુદાસ બી. ચૌધરી**
**મહામંત્રી**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ફેડરેશન**